# ઘઉં (જી ડબલ્યું – ૩૬૬) નું ગુણવતા યુકત ઉત્પાદન

નામ : જેન્તીભાઈ લુણાગરિયા ઉંમર : ૩૮ વર્ષ
ગામ : સરપદડ અભ્યાસ : ૧૦ પાસ
તાલુકો : પડધરી ખેતી અને પશુપાલન : ૨૨ વર્ષથી
જિલ્લો : રાજકોટ જમીન : ૬ એકર
મો. ૯૭૨૫૩ ૩૪૯૨૧ પાક : ઘઉં, કપાસ,મગફળી



જેન્તીભાઈ લુણાગરિયા કઇ નવું કરવા માટે હંમેશાં તત્પર હોય છે. તેઓએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુ.કૃ.યુ., તરઘડીયા દ્વારા અપાતા પ્રથમ હરોળના નિદર્શનમાં ઘઉં (જી ડબલ્યુ-૩૬૬) નું વાવેતર કર્યું.

જેન્તીભાઈ લુણાગરિયા મધ્યમ જમીન ધરાવતા ખેડૂત છે. અને તેઓએ સરપદડ ગામના અન્ય ખેડૂતોને પણ દર વર્ષે ઘઉંની નવી જાતનું વાવેતર કરવા માટે પ્રેરણા આપેલ. પરંતુ ઘઉંમાં આવતો દાણા પરના ટપકાના રોગના કારણે ઘઉંની ગુણવતા બગડતા પૂરતા ભાવ મેળવી શકતા ન હતા. તેઓએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુ.કૃ.યુ., તરઘડીયા ખાતે ઘઉંનું ગુણવતા યુકત ઉત્પાદન મેળવવા માટેની તાલીમ લીધા બાદ મનોમન નક્કી કરી લીધું કે મારે પણ આવું ગુણવતા યુકત ઘઉંનું ઉત્પાદન કરવું છે.

તેઓએ કૃષિ યુનિવર્સીટી દ્વારા બહાર પાડવામાં આવેલ ભલામણોનો ઉપયોગ કરી ઘઉંનું ઉત્પાદન આશરે ૫૨૦૦ કિ.ગ્રા. / હે. દીઠ મેળવેલ છે અને તેઓએ આ ઘઉંનું વહેચાણ રૂપિયા ૧૪૦૦/- કિ.ગ્રા. લેખે કરીને કુલ ચોખ્ખો નફો હેકટરે આશરે રૂપિયા ૧૮૦૦૦/- મેળવેલ છે. “જેન્તીભાઈ એવું માને છે જો માનવી ધારે તો ધાર્યું પરિણામ લાવી શકે છે.



